**મહેસાણાની શ્રમ અદાલતના પ્રમુખ અધિકારીશ્રી એમ.એમ.અગ્રવાલ સાહેબ સમક્ષ.**

**રીકવરી (સી–૧) અરજી નં.ર/ર૦રર**

**આંક–૧૧**

અરજદાર – સરોજબેન અરવિંદભાઈ શાહ,
૮, શકિતનગર સોસાયટી, મસ્જીદની પાસે, મહેસાણા.

**// વિરૂઘ્ઘ //**

સામાવાળા – (૧) ચેરમેન/મેનેજરશ્રી,
આદર્શ મહીલા કો.ઓ.બેન્ક લી.,
મેઘદુત બીલ્ડીગ, પાંજરાપોળની સામે, મહેસાણા.
(ર) ફડચા અધિકારીશ્રી,
આદર્શ મહીલા કો.ઓ.બેન્ક લી.,
જીલ્લા રજીસ્ટ્રારશ્રી,
સહકારી મંડળીઓના રજીસ્ટ્રારશ્રીની કચેરી, મહેસાણા.

**વિષય – ઔઘોગિક વિવાદ ધારાની કલમ–૩૩–સી(૧) હેઠળ વસુલાત અરજી.**

<u>પ્રતિનિધિત્વ</u> –

અરજદાર તરફે – વિ.પ્રતિનિધિશ્રી એસ.સી.ભાટીયા.

સામાવાળા તરફે – ગેરહાજર.

**:– ચુ કા દો –:**

**(૧)** હાલના અરજદારે આ અરજી ઔઘોગિક વિવાદ ધારાની કલમ–૩૩–સી(૧) હેઠળ દાખલ કરેલ છે. અરજદારે તેમની અરજીમાં જણાવેલ છે કે, અરજદારે તા.૧/૮/ર૦૦પ થી તા.૩૧/૧/૦૭ સુધીના કરેલ કામના દિવસોનો બાકી પગાર મેળવવા નામ.કોર્ટ સમક્ષ રીકવરી અરજી નં.૧૧/ર૦૦૭ દાખલ કરેલ. જે રીકવરી અરજી ચાલી જતા નામ.કોર્ટે બાકી પગારની લેણી રકમ રૂા.૧,૪૧,૬૬૦/– તથા અરજી ખર્ચના રૂા.પ૦૦/– મળી કુલ રૂા.૧,૪ર,૧૬૦/– ચુકવવાનો હુકમ કરેલ. આ કામના સામાવાળાએ સદર હુકમ વિરૂઘ્ઘ ફરીફાઈલ અરજી દાખલ કરેલ જેમાં નામ.કોર્ટે સદર અરજી નામંજુર કરતો હુકમ કરેલ હતો. સદર રકમની અરજદારે સામાવાળાઓ સમક્ષ વારંવાર માંગણી કરવા છતાં સામાવાળાએ આજદીન સુધી અરજદારને કોઈ જ રકમ ચુકવી આપેલ નથી. તેથી અરજદારે હુકમ મુજબની કુલ બાકી લેણી રકમ

રૂા.૧,૪૧,૧૬૦/– સામાવાળાઓ પાસેથી લેન્ડ રેવન્યુ રાહે વસુલાત થવા સારૂ મહેસાણાના જીલ્લા કલેકટરશ્રી, મહેસાણા ઉપર રીકવરી સર્ટીફીકેટ ઈસ્યુ કરવા માંગણી કરેલ છે.

(૩) આ કામમાં અરજદારે આંક–૩ ના દસ્તાવેજી લીસ્ટથી રીકવરી અરજી નં.૧૧/૦૭ નો હુકમ, સામાવાળા ધ્વારા દાખલ કરવામાં આવેલ પરચુરણ અરજી નં.૧૦/૨૪ નો હુકમ, સદર હુકમ અન્વયે સામાવાળાને આપેલ અરજી, સદર અરજીનો જવાબ સામાવાળા ધ્વારા ન આપતા યુનિયન ધ્વારા આપેલ નોટીસ, સદર નોટીસ વગર સ્વીકાર્યે પરત આવેલ પોસ્ટ ખાતાનું કવર, અરજદારના આપેલ નોટીસ સામાવાળાને મળ્યા બદલની પહોંચ વિગેરે દસ્તાવેજોની ઝેરોક્ષ નકલો રજુ કરેલ છે.

(૩) આ કામના સામાવાળાઓને આંક–૫ થી નોટીસ કાઢવામાં આવેલ જે નોટીસ સામાવાળાઓને બજી ગયેલ હોવાનું રેકર્ડ પરથી જણાય છે. સામાવાળાઓને નોટીસ બજવા છતા કોઈ જવાબ રજુ ન થતા અરજદારની આંક–૬ ની અરજી અન્વયે સામાવાળાઓનો જવાબનો હકક બંધ કરી સદર કામ હુકમ પર રાખવામાં આવેલ છે.

(૪) આ કામે અરજદારની અરજી જોતાં અરજદારે હાલની રીકવરી અરજી નં. ૨/૨૦૨૨ અગાઉ રીકવરી અરજી નં.૧૧/૨૦૦૭ ના કામે તા.૨૯/૩/૨૦૦૮ ના રોજ કરેલ હુકમ મુજબના નાણાં વસુલ અપાવવા માટે રીકવરી સર્ટીફીકેટ કાઢી આપવા માટે કરેલ છે. અરજદારે તેમની અરજી સાથે સદર ચુકાદાઓની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. આ ચુકાદાઓ જોતા તેમાં સામાવાળા વિરૂધ્ધ હુકમ કરવામાં આવેલ છે. તેમાં અરજદારને રીકવરી અરજી નં. ૧૧/૨૦૦૭ મા બાકી પગારના રૂા.૧,૪૧,૬૬૦/– તથા ખર્ચના રૂા.૫૦૦/– ચુકવી આપવા તેવો સામાવાળાને હુકમ કરેલો છે. આ કામના અરજદારના જણાવ્યા મુજબ સામાવાળાએ આજદીન સુધી હુકમ મુજબના કોઈ નાણાં ચુકવી આપેલ નથી કે નામદાર કોર્ટમાં જમા કરાવેલ નથી. તેમજ સામાવાળાએ આજદીન સુધી આ હુકમના વિરૂધ્ધમાં કોઈ કાર્યવાહી કરેલ નથી કે કોઈ પરચુરણ અરજી કરેલ નથી કે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં કોઈ અપીલ દાખલ કરેલ નથી. આ કામે સામાવાળાને અત્રેની અદાલત ધ્વારા નોટીસ ચોડીને બજાવવામાં આવેલી છે. આ કામે સામાવાળાએ હાજર થઈ અરજદારને હુકમ મુજબના નાણાં ચુકવી આપેલ હોય તે બતાવતો કોઈ લેખિત કે મૌખિક પુરાવો રજુ કરેલ નથી. એટલુ જ નહી સામાવાળાએ રીકવરી અરજી નં.૧૧/૨૦૦૭ ના કામે થયેલ હુકમ કોઈપણ સક્ષમ અદાલત સમક્ષ પડકારેલ હોય કે તેવો હુકમ રદ કરવામાં આવેલ હોય અથવા તો તેવા હુકમની અમલ બજવણી મોકુફ કરવામાં આવેલ હોય તે બતાવતો એકપણ પુરાવો રજુ કરેલ નથી. તે સંજોગોમાં રીકવરી અરજી નં. ૧૧/૨૦૦૭ ના કામે તા.૨૯/૩/૨૦૦૮ ના રોજ કરેલ હુકમ આજે પણ અમલમાં છે તેવું અત્રેની અદાલત માને છે. તેથી અરજદાર તેવા નાણાં સામાવાળાઓ પાસેથી વસુલ મેળવવા હકકદાર થાય છે. તેથી નાણાં વસુલ મેળવવા માટે સક્ષમ ઓથોરીટીને રીકવરી સર્ટીફીકેટ કાઢી આપ્યા

સિવાય અન્ય કોઈ વિકલ્પ રહેતો નથી. રીકવરી અરજી નં. ૧૧/૨૦૦૭ ના કામે તા.૨૯/૩/૨૦૦૮ ના રોજ કરેલ હુકમ મુજબ બાકી લેણાં રૂા.૧,૪૧,૬૬૦/– તથા ખર્ચના રૂા.૫૦૦/– મળી કુલ મળી કુલ રૂા.૧,૪૨,૧૬૦/– સામાવાળાઓ પાસેથી વસુલ મેળવવા રીકવરી સર્ટીફીકેટ કાઢવું જોઈએ તેવું અત્રેની અદાલત માને છે. આમ ઉપરોકત કરેલ ચર્ચા અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

(૧) હાલના અરજદારને સામાવાળાઓ પાસેથી રીકવરી અરજી નં. ૧૧/૨૦૦૭ ના કામે તા.૨૯/૩/૨૦૦૮ ના રોજ કરેલ હુકમ મુજબ રૂા.૧,૪૨,૧૬૦/– (અંકે રૂપિયા એક લાખ બેતાલીસ હજાર એકસો સાહીઠ પુરા) લેન્ડ રેવન્યુ રાહે વસુલ અપાવવા કલેકટરશ્રી, મહેસાણા ઉપર રીકવરી સર્ટીફીકેટ ઈસ્યુ કરવું તેવો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૨૨ માહે–ઓગષ્ટ, સને–૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મહેસાણા.
તા.૨૨/૦૮/૨૦૨૫

(મીમાંશા મહેશ અગ્રવાલ)
GJ01382
પ્રમુખ અધિકારી,
શ્રમ અદાલત, મહેસાણા.